# ડિઝલ કાર પર એકસાઈઝ ડ્યુટી વધારાશે

## એકસાઇઝ ડ્યુટી વધારતા ડિઝલ કાર વધુ મોંઘી થશે : પેટ્રોલ-ડિઝલની વચ્ચે વધતા ભાવ અંતરને પહોંચી વળવા હેતુ : ડિઝલ કાર ઉપર ૮૦૦૦૦ની એક વખતની વધારાની એકસાઇઝ ડ્યુટી લાદવાનું સૂચન

નવી દિલ્હી,તા.૨૭

પેટ્રોલ અને ડિઝલ વચ્ચે કિંમતોનુ અંતર દિનપ્રતિદિન સતત વધી રહ્યુ છે. વધતા જતા અંતર વચ્ચે



નાણામંત્રાલયે હવે ડિઝલ કાર ઉપર ડ્યુટીમાં વધારો કરવાની હિલચાલ હાથ ધરી છે. આ સુચન ઓઈલ મંત્રાલય દ્વારા કરવામા આવ્યા બાદ આ વિચાર ઉપર ગણતરી શરૂ થઈ ગઈ છે. નાણામંત્રાલયના એક અધિકારીએ નામ જાહેર નહી કરવાની શરતે જણાવ્યુ છે કે ડિઝલ કાર ઉપર એકસાઈઝ ડ્યુટીમા વધારો કરવાની હિલચાલ હજુ પણ એજંડામાં છે. બજેટ સત્ર દરમિયાન આ મામલો હાથ ધરાયો ન હતો. તેમણે કહ્યુ હતુ કે આમા થોડોક સમય લાગી શકે છે. અધિકારીએ કહ્યુ છે કે સમય લાગી શકે છે પરંતુ ડિઝલ કાર ઉપર ડ્યુટીમાં વધારો ઝીકવાની હિલચાલ ગંભીરતા પૂર્વક આગળ વધી રહી છે.

અગંત વાહનોના માલિકો દ્વારા સબસિડી વાળા ડિઝલનો વપરાશ વધી ગયો છે. આવા સમયમાં આ વપરાશ ઉપર બ્રેક મુકવા પેટ્રોલિયમ મંત્રાલયે ડિઝલ કારની ખરીદી પર ઉંચી ડ્યુટી લાદવાની દરખાસ્ત કરી દીધી છે. પેટ્રોલિયમ મંત્રાલયે એકસાઈઝ ડ્યુટીમાં વધારો કરાવની વાત કરી છે પંરતુ હેવી ઈન્ડસ્ટ્રીએ આનો વિરોધ કર્યો છે. ઓઈલ મંત્રાલયની દલીલ છે કે એકસાઈઝ ડ્યુટીમાં વધારો કરાવાથી થનારા વધારની આવકનો ઉપયોગ ડિઝલના વેચાણ પર થઈ રહેલા ફયુઅલ રિટેલરને નુકાસનને પહોંચી વળવા થઈ શકે છે. દરખાસ્તને લઈને બે જુદા જુદા મત પ્રવર્તી રહ્યા છે. સર્વસમંતિ સાધવાના પ્રયાસ જારી છે. બજેટ હાલમાં જ પસાર કરવામા આવ્યુ છે. જેથી કોઈપણ ફેરફાર કરવામા સમય લાગી શકે છે. પેટ્રોલની કિંમતમા હાલમાં જ લિટરદીઠ ૭.૫૦નો વધારો કરવામા આવ્યો છે. જેથી પેટ્રોલ અને ડિઝલની છુટક કિમત વચ્ચે અંતર વધી ગયુ છે. દિલ્હીમાં ડિઝલની કિંમત લિટરદીઠ ૪૦ છે અને પેટ્રોલની કિંમત ૭૪ રૂપિયની આસપાસ છે. કિરીટ પારીખ કમિટીએ ડિઝલ કાર ઉપર ૮૦૦૦૦ની એક વખતની વધારાની એકસાઈઝ ડ્યુટી લાદવાનુ સુચન કર્યુ હતુ. ભારતમાં ડિઝલનો ઉપયોગ સૌથી વધારે થઈ રહ્યુ છે. પરંતુ તેના આયાત ખર્ચની સરખામણીમાં છુટક અને ઓછી કિમતે વેચાતા નુકસાન થઈ રહ્યુ છે. માર્કેટ રેટ કરતા ઓછી કિંમતે ડિઝલ વેચવા બદલ ઓઈલ માર્કેટીંગ કંપનીઓને સરકાર લિટરદીઠ ૧૫૩૫ની સબસિડી આપી રહી છે. સબસિડાઈઝ ડિઝલ ટ્રક અને પેસેન્જર બસ બંને માટે પસંદગીના ફયુઅલ તરીકે છે. સિંચાઈના પંપ અને કૃષિના અન્ય સાધનોમા પણ ડિઝલનો ઉપયોગ મોટા પાયે થાય છે. લકઝરી કાર અને એસયુવી પણ ડિઝલ ઉપર જ ચાલે છે. આ ઉપરાંત મોલ અને ટેલિકોમ ટાવરોમાં પણ પાવર જનરેટરો ડિઝલ ઉપર આધારિત હોય છે. ઓઈલ મંત્રાલયના અંદાજ મુજબ ૧૫ ટકા ડિઝલ વપરાશ વ્યક્તિગત કાર અને એસયૂવીપર થાય છે.

# શેરબજારમાં હજુ ઉથલપાથલ રહેશે : બજાર નિષ્ણાતોનો મત

### નિફ્ટી ૪૯૫૦ની સપાટીએ પહોંચી શકે : સેંસેક્સ કારોબાર દરમિયાન ૧૬૬૦૦ની સપાટી સુધી પહોંચશે : ઉડ્ડયનમાં એફડીઆઈ અંગે નિર્ણય પર નજર

મુંબઈ,તા. ૨૭

ઉદાસીન પરંતુ બે સ્તરીય કારોબારના પરિણામ સ્વરૂપે શેરબજારમાં નજીવો વધારો સપ્તાહ દરમિયાન નોંધાયો હતો. પરંતુ પેટ્રોલની કિંમતમાં ભાવ વધારો કરવામા આવ્યા બાગ શેરબજારમાં ઉથલપાથલનો દોર રહેવાની શકયતા દેખાઈ રહી છે. આ સપ્તાહમાં સેંસેક્સમાં ૬૫ પોઈન્ટનો નજીવો સુધારો થયો હતો. જ્યારે નિફ્ટીમાં ૨૯ પોઈન્ટનો નજીવો સુધારો થયો હતો. સીએનઆઈ રિસર્ચના સીએમડી કિસોર ઓસ્વાલે કહ્યુ છે કે ડોલર સામે રૂપિયામા ઘટાડો થઈ રહ્યો છે. નિફ્ટી સપ્તાહમાં ૫૨૦૦ની સપાટીથી ઘટીને ૪૭૭૦ સુધી પહોંચી ગયો છે. જો કે તેમાં બાઉન્સબેકની સ્થિતિ થઈ હતી અને તેની સપાટી ૪૯૨૦ નોંધાઈ હતી. આવી જ રીતે સેંસેકસ પણ ૧૫૯૦૦ની નીચલી



સપાટીથી રિકવર થઈને ૧૯૨૦૦ સુધી પહોંચી છે. પેટ્રોલિયમ કંપની દ્વારા બુધવારના દિવસે પેટ્રોલની કિંમતમાં લિટરદીઠ રૂપિયા ૭.૫૦નો જંગી વધારો ઝીંકી દેવામા આવ્યો હતો. જેના પરિણામ સ્વરૂપે સ્થિતિમાં સુધારો થયો ન હતો. પેટ્રોલની કિંમતમાં વધારો થયા બાદ હવે આગામી સપ્તાહમાં શેરબજારમાં ઉતાર ચઢાવની સ્થિતિ રહેશે. નિફ્ટી ૪૯૫૦ની સપાટીને તોડી શકે છે. જયારે સેંસેકસ ૧૬૬૦૦ની સપાટી સુધી પહોંચી શકે છે. આ સપ્તાહમાં નિફ્ટી ૫૦૭૦ની સપાટી તરફ આગે કૂચ કરશે. માર્કેટમાં નાગરિક ઉડ્ડયનમાં એફડીઆઈ અને રિટેલ એફડીઆઈનો મંજૂરી આપવામા આવે તેની રાહ જોવામા આવી રહી છે. આ મોરચે કોઈપણ હિલચાલથી શેરબજારમાં તેજી આવી શકે છે. સેંસેક્સ ૧૭ હજારની સપાટી પહોંચી શકે છે. આ નિર્ણય બજાર માટે ટર્નીંગ પોઈન્ટ બની શકે છે.

# રૂપિયામાં ઘટાડાને રોકવા માટે રીઝર્વ બેંક દ્વારા પગલાં લેવાયાં છે

### વૈશ્વિક બજારમાં કટોકટી મુખ્ય કારણરૂપ : પ્રણવ

કોલકાતા,તા. ૨૭

નાણામંત્રી પ્રણવ મુખર્જીએ આજે ફરી કહ્યુ હતુ કે ડોલર સામે રૂપિયામાં થયેલા ઘટાડા બાદ આરબીઆઈ દ્વારા તમામ પગલા લેવામા આવી રહ્યા છે. રૂપિયમાં ઘટાડાને કાબૂમાં લેવા માટે આરબીઆઈ દ્વારા સંભવિત તમામ પગલા લેવાની પ્રક્રિયા ચાલી રહી છે. માર્ચથી હજુ સુધી ડોલરની સરખામણીમાં રૂપિયામાં ૧૩ ટકાનો ઘટાડો



થઈ ચુક્યો છે. પ્રણવ મુખર્જીએ કોલકાતમા કહ્યુ હતુ કે રૂપિયાની કિંમતમાં અનેક સ્થાનિક અને વૈશ્વિક કારણોસર ઘટાડો થયો છે. તેમણે કહ્યુ હતુ કે બજારમાં માંગ અને પુરવઠાની સ્થિતિ પ્રવર્તી રહી છે. નાણામંત્રીએ કહ્યુ હતુ કે યુરોપ નિકાસ માટે સૌથી મોટા બજાર તરીકે છે પરંતુઅહીં પણ હાલમાં અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. પ્રણવે કહ્યુ હતુ કે ઓઈલની કિંમતો સતત વધી રહી છે. જેના કારણે વૈશ્વિક અર્થતંત્રમા નબળાઈ દેખાઈ રહી છે. ઘણાબધા પરિબળો રૂપિયામાં ઘટાડા માટેજવાબદાર છે. નાણામંત્રીએ કહ્યુ હતુ કે રિઝર્વ બેંકે આ દિશામાં પ્રયાસો એવા સમયે હાથ ધર્યા છે ત્યારે રૂપિયા ઉપર દબાણની સ્થિતિ છે. બેંકે પહેલાથી જ વિદેશી હુંડિયામણ બજારના સટ્ટાબાજી પર પ્રતિબંધ મુકવા પગલા લીધા છે. ગયા સપ્તાહમાં ડોલર સામે રૂપિયો ૫૬.૩૮ સુધી પહોંચ્યો હતો જો કે ત્યારબાદથી સુધારો થયો છે. શુક્રવારના દિવસે રિઝર્વબેકની દરમિયાનગીરી બાદ રૂપિયામાં ૨૭ પૈસાનો સુધારો થયો છે. કારોબારની પૂર્ણાહુતિ વેળા ડોલરની કિંમત ૫૫.૩૭ નોંધાઈ હતી.

# પાઈલોટ હડતાળથી ૩૦૦ કરોડનું જંગી નુકશાન

### હડતાળી પાઈલોટ સાથે વાતચીત થયા બાદ પણ સમસ્યા ન ઉકેલાતા ગૂંચ અકબંધ : બંને પક્ષો વલણ ઉપર મક્કમ

નવી દિલ્હી,તા. ૨૭

એર ઈન્ડિયાના પાઈલોટોની હડતાળ આજે સતત ૨૦મા દિવસે પણ જારી રહી હતી. હડતાળના કારણે પહેલાથી જ કટોકટીમાં ગ્રસ્ત એર ઈન્ડિયાને ૩૦૦ કરોડનું નુકશાન થઈ ચુક્યુ છે. ઉડ્ડયન પ્રધાન અજીતસિંહે શનિવારના દિવસે હડતાળી પાઈલોટો સાથે વાતચીત કર્યા બાદ ઉકેલ આવવાના સંકેત દેખાયા હતા. પરંતુ હજુ સુધી સમસ્યાનો નિકાલ આવ્યો નથી. એર ઈન્ડિયાના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે હડતાળના કારણે ટિકિટ રદ થવા, કર્મચારીઓનો ઉપયોગ નહીં થવા અને બોઈંગ ૭૭૭ વિમાન ઉડાણ નહી ભરવાના કારણે ૩૦૦ કરોડનું નુકશાન થઈ ચુક્યું છે. એર ઈન્ડિયાએ ગુરુવારના દિવસે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ઓપરેશનમાં પોતાની હિસ્સેદારીને વધારવાના હેતુસર પોતાની મોટાભાગની સીટ ઓછા ભાડામાં ઉપલબ્ધ કરાવી છે. આના કારણે એર ઈન્ડિયાને પોતાનું નુકશાન ૧૦ કરોડ સુધી મર્યાદિત કરવામાં સફળતા મળી છે. બીજી બાજુ હડતાળી પાઈલોટ યુનિયન ઈન્ડિયન પાઈલોટ્સ ગીલ્ડ (આઈપીજી)એ કહ્યું છે કે હવે કયા પગલા લેવામાં આવે તે અંગે કાયદાકીય નિષ્ણાંતોની મદદ લેવામાં આવી રહી છે. હડતાળી પાઈલોટોની માંગ છે કે ૧૦૧ પાઈલોટોને ફરજ ઉપર પુનઃ લેવામાં આવે ત્યારબાદ જ તેઓ ફરજ પર હાજર થશે. બીજી બાજુ સરકારનું કહેવું છે કે હડતાળ સમેટી લઈને પાઈલોટો ફરજ પર હાજર થઈ ગયા બાદ જ હકાલપટ્ટી કરવામાં આવેલા પાઈલોટોના સંબંધમાં વિચારણા કરવામાં આવશે. અજીતસિંહે ગઈકાલે હડતાળી પાઈલોટો સાથે અને તેમના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી હતી. પરંતુ મડાગાઠ અકબંધ બનેલી છે. બંને પક્ષો પોતપોતાના વલણ ઉપર મક્કમ દેખાઈ રહ્યા છે. હડતાળ લાંબી ખેંચાય તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે.

# સત્યમેવ જયતે શોમાં આરોગ્ય સંભાળની વ્યવસ્થા સામે પ્રશ્ન

### કડવી દવાઓની કડવી વાસ્તવિકતા રજૂ કરાઈ : સત્યમેવ જયતે શોના ચોથા ભાગ મારફતે નબળી તબીબી વ્યવસ્થા પર પ્રશ્ન : એમસીઆઈના ચેરમેન ગૂંચવાયા

નવી દિલ્હી,તા. ૨૭

આમિર ખાનના સત્યમેવ



જયતે-૪માં આમિર ખાને આજે દેશની નબળી આરોગ્ય સંભાળ વ્યવસ્થા સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. આમિર ખાને દવાઓની કડવી વાસ્તવિકતા પણ રજૂ કરી હતી. આ સંબંધમાં આમિર ખાને એમસીઆઈના ચેરમેન સમક્ષ પણ પ્રશ્નો કર્યા હતા. આમિર ખાને બોર્ડ ઓફ ગર્વનર્સના કેકે તલવાર સામે પણ પ્રશ્નો કર્યા હતા. આમિર ખાનના આજના શોએ પણ ભારે ચર્ચા જગાવી હતી. તેમની મંજૂરી વગર બળજબરી પૂર્વક કરવામા આવેલી સર્જરીના કારણે તેમના પરિવારના સભ્ય પૈકી એક સભ્યને ગુમાવનાર પણ આમિરખાને વાત કર હતી. આમિર ખાનના આ શો દરમિયાન એવા મેડીકલનો ઉલ્લેખ કર્યો હતો. દર્દીઓને સામાન્ય તકલીફ હોવા છતાં નાણા ખંખેરી લેવાના હેતુથી સર્જરી કરવામા આવી હતી. મેડીકલ કોલેજોને નિયંત્રિત કરતી મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સામે પણ આમિર ખાને પ્રશ્નો ઉઠાવ્યા હતા. આમિર ખાને કે કે તલવારની મુલાકાત લેતી વેળા ઘણી બાબતો પર પ્રકાશ ફેંક્યો હતો. નિવૃત મેજર જનરલને પણ આમિર ખાને પ્રશ્ન કર્યા હતા. આમિર ખાને શો દરમિયાન કહ્યુ હતુ કે એક તબીબ સામાન્ય લોકો માટે ભગવાન સ્વરૂપ હોય છે કારણ કે તેના હાથમાં જીવનને બચાવી લેવાની કુશળતા હોય છે. તે કુશળતા, તાલીમ અને પોતાની કાબિલિયતથી લોકોને નવી જિંદગી આપી શકે છે. પરંતુ આજે દેશમાં તબીબી વ્યવસ્થા બદનામ થઈ રહી છે. જીવન આપવાના બદલે જીવન સાથે રમત રમાઈ રહી છે. આમિર ખાને આ શોમાં ખૂબ જ સંવેદનશીલ રીતે મુદ્દા ઉઠાવયા હતા. સામાન્ય વ્યક્તિ એવા વિશ્વાસના આધાર ઉપર તબીબને તમામ મંજૂરી આપી દેછે. પરંતુ શરમજનક બાબત એ છે કે તબીબો શરમજનક કૃત્ય કરી રહ્યા છે. તબીબોના હાથે હેરાન પરેશાન થયેલા મેજર પંકજ રોય, વેંકટેસ અને અરવિંદની વાર્તાથી એપિસોડની શરૂઆત કરવામા આવી હતી. આંધ્ર પ્રદેશના એક ગામની બાબત પણ રજૂ કરી હતી. જેમાં એક મહિલાની સર્જરી બિનજરૂરી રીતે કરી દેવામા આવી હતી જેથી તે હવે ક્યારે માતા બની શકશે નહી. મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના વડા પણ આમિરની કોઈપણ વાતનો સંતોષજનક જવાબ આપી શક્યા ન હતા. મેજર જનરલ ડોક્ટર ઝીંગને ભારતીય તબીબી વ્યવસ્થાનું એવુ શરમજનક કૃત્ય રજૂ કર્યુ હતુ જેમાં ભાડાના તબીબો, દર્દીઓ અને એમ્બ્યુલન્સ એકત્રિત કરીને કરોડો રૂપિયાની લૂટ કરવામા આવી હતી. સત્યમેવ જયતેના ચોથા એપિસોડે પણ તમામનુ ધ્યાન ખેંચ્યુ હતુ. આમિર ખાને ઈંગ્લેડમાં એવા તબીબોની ટકાવારીના આંકડા પણ વાચી સંભળાવ્યા હતા. જેમાં તેમના લાઈસન્સ છેલ્લા ત્રણ વર્ષથી હમેંશ માટે રદ કરી દેવામા આવ્યા છે. આમિર અને તેમની ટીમ દ્વારા દાખલ કરવામા આવેલી આરટીઆઈ મુજબ તાજેતરના સમયમાં કોઈપણ ભારતીય તબીબના લાઈસન્સ રદ થયા નથી જે સાબિત કરે છે કે ભ્રષ્ટાચારી તબીબો સ્વતંત્ર રીતે ફરજ બજાવી રહ્યા છે. આ શો દરમિયાન કેટલાક સારા તબીબીનો દાખલા પણ રજૂ કરવામા આવ્યા હતા જે તબીબોએ ઉલ્લેખનીય સેવા પણ આપી છે. આમિર ખાને કાર્યક્રમ દરમિયાન અપીલ કરી હતી કે મનથી કરવામા આવેલી ઈમાનદારી પૂર્વકની સેવાથી સાચી સફળતા મળી છે. ગેરકાયદે રીતે નાણા બનાવે છે તે લોકોને રાત્રે ઉંઘ આવતી નથી. આજ કારણસર પ્રોફેસનની ગંભીરતાને જાળવી રાખવામા આવે તે જરૂરી છે. ડોક્ટર સમિત શર્માએ કડવી દવાઓની વાસ્તવિકતા રજૂ કરી હતી. તેમણે કહ્યુ હતુ કે માત્ર બે ચાર રૂપિયાની દવાને ૪૦૦-૫૦૦ રૂપિયની દવા બનાવીને વેચી દેવામા આવે છે.

## શબ્દ સમીપે

● **અનુસંધાન ચોથાનું ચાલુ**

'સ્મરણ વીથિકા' ના લેખક ભાનુપ્રસાદ પુરાણી સાથેનો પરિચય તો ઘણો પુરાણો છે કેમ કે, એ ખેડા જિલ્લામાં શિક્ષણાધિકારી હતા ત્યારે હું ડાકોરમાં હતો. તે દરમિયાન ઉમરેઠ ખાતે પત્રકાર કમલ પેઈન્ટરના ઘેર તેમની પહેલી મુલાકાત થયેલી તે પછી ઘણી વખત સાહિત્યના કાર્યક્રમો અને કવિ સંમેલનોમાં 'અલપ ઝલપ મળવાનું બનતું રહેતું.' પરંતુ ગાંધીનગર આવ્યા બાદ ફરી એ સ્મરણો અને મુલાકાતો સાથે મૈત્રી વધુ ગાઢ બની તેમાં પણ ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ અને મંત્રી તરીકે અમારે બંનેને સાથે કામ કરવાનું આવ્યું ત્યારે તેમના ઉમદા સ્વભાવનો મને નજીકથી પરિચય થયો.

'સ્મરણ વીથિકા' ના લેખક ભાનુપ્રસાદ પુરાણીનો જન્મ તા. ૧-૭-૧૯૩૯ ના રોજ ગોધરા, જિ. પંચમહાલ ખાતે થયો હતો. એમ.એ., બી.એડ. સુધી અભ્યાસ કર્યા બાદ શિક્ષકથી શિક્ષણાધિકારી સુધીની જીવન સફરમાં અનેક સંઘર્ષો સાથે પણ જળકમળવત જીવનાર ભાનુભાઈ 'પંકજ' ઉપનામે કાવ્ય સર્જન કરતાં કરતાં ૧૯૭૬માં ટહુકાતું એકાંત અને ૨૦૦૦ માં રૉમ રૉમ રણઝણે કાવ્ય સંગ્રહો લઈને આવ્યા. તે ઉપરાંત 'મારી જીવન સાધના' ચરિત્ર ૧૯૯૮ તેમજ પરમ પંથના પ્રવાસી ઉપરાંત વિદેશ પ્રવાસનું પુસ્તક સલામ સીડની ૨૦૦૭માં આપીને એક પ્રતિભાશાળી અને વૈવિધ્યવાળા સાહિત્યનાં સર્જક તરીકે અલગ તરી આવે છે. તેમાં 'સ્મરણ વીથિકા' એક જુદી જ ભાત પાડતું પુસ્તક આપી તેમણે સાહિત્ય જગતને નવલું નજરાણું ધર્યું છે જે અભિનંદનીય છે.

**સ્મરણ વીથિકા**
**લેખક - ભાનુપ્રસાદ પુરાણી**
**પ્રકાશક - ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨, પૃષ્ઠ - ૧૩૬**
**કિંમત - રૂા. ૮૦/-**

## પરણેતરની પ્રીત

● **અનુસંધાન ચોથાનું ચાલુ**

રૂપ તેના આકર્ષક ઉપસેલા સ્તનો, માંસલ, ભરાવદાર નિતંબ, માણકણી કામી આંખો, તેની વાતચીત કરવાની છટા, વળી ઉચ્ચ શિક્ષણ પામેલીને હોંશિયાર જુવાનજોધ છોકરીએ દેવાને મોહિત કરી દીધેલ. આથી તે સંધ્યાના મા-બાપને મકાન ખરીદવા પાંચ લાખ રૂપિયાની મદદ કરવા તૈયાર થઈ ગયેલ. દેવો વિચાર વમળે ચઢી ગયેલ.

રસ્તામાં એક ગામડું આવતાં બસ ઉભી રહી એ સ્ટેન્ડ પરથી એક બહેન બસમાં ચઢયાને દેવાને જોતાં બોલી ઉઠયાં, 'દેવાભાઈ, તમે ક્યાંથી?'

આથી દેવાએ કહ્યું , 'આવો... આવો... કંકું ભાભી, અહિ જગ્યા છે બેસો.'

દેવાની બાજુમાં જગ્યા લેતાં બેન બોલ્યા, 'દેવાભાઈ, તમે તો શહેરમાં ભણવા જતાં તદ્દન બદલાઈ ગયા છો?'

'કેમ?'

'અરે તમનો શહેરના હવાપાણીને વાતાવરણની અસર થઈ ગઈ હોય તેવું લાગે છે!'

'ના... ભાભી... ના, એવું કાંઈ નથી'

'તમે શહેરમાં ગયાં તે ગયાં કોઈ દી તમારા ઘરવાળીની ચિંતા કરી કે તે ગામમાં શું કરે છે?'

'ભાભી, બા - બાપુજી હોય પછી મારે શું ચિંતા હોય!'

'હા... બસ, આ માટે જ મારે તમને ઘણા સમયથી મળવાની ઈચ્છા હતી.'

'કેમ કાંઈ બનેલું!'

'દેવાભાઈ, તમારી ગેરહાજરીમાં ન બનવાનું બનેલું.' કંકુએ કાનભંભેરણી કરતાં કહ્યું.

'ભાભી, એવું તે વળી શું બન્યું હતું?'

'દેવાભાઈ, આ વરસે દુષ્કાળ પડતા ગામના ખેતમજૂરો પેટીયું રળવા બહારગામ જતા રહેલ, એટલે તમારા ઘરની ખેતીનો પાક બળી ન જાય તેની જવાબદારી અમુ અને ગગજીએ લીધેલી.'

'હા, ભાભી, એ હજારો રૂપિયાનું નુકશાન થતું બચાવી લીધેલ.'

'દેવાભાઈ, તમે સાંભળોતો ખરા! રૂપિયા બચાવા જતાં તમારા ઘરને કાળી ટીલી લાગે એવું જોયું છે.'

'શું વાત કરો છો. ભાભી!' આશ્ચર્ય પામતા દેવાએ કહ્યું.

'ત્રણ-ચાર મહિના સુધી અમુ અને ગગજી એકલા એકલા ખેતીકામ કરતાં હતા. તમારી વહુ અમુ અને ગગજીના ચેનચાળાને અડપલાં અમારાથી જોઈ શકાય એવા ન હતાં!' કંકુએ કહ્યું.

'અરે, ભાભી આ વાત અશક્ય છે.' દેવાએ ગુસ્સે થતાં કહ્યું.

'અરે, દેવાભાઈ તમારી ગેરહાજરીમાં તમારી પત્ની અમુ અને ગગજી વચ્ચે આડા સંબંધ બંધાઈ ગયેલા.' કંકુએ દેવુના કાન ફુંકતા કહ્યું.

કંકુની વાત સાંભળતા દેવુ સ્તબ્ધ થઈ ગયો અને એને કહ્યું ,'ભાભી, આ વાત ખરેખર સાચી છે!'

દેવાભાઈ, મેં એકલીએ નહિ પણ તમારા શેઢે આવેલા રામસંગભાઈના ખેતરમાં કામ કરતાં અમે ત્રણ બહેનોએ નજરોનજર જોયેલી આ પ્રેમલીલા છે.

કંકુભાભીની વાત સાંભળતા દેવાનો આક્રોશ વધી ગયો. તેની આંખો લાલધૂમ થઈ ગઈ. ગામ આવતા તેના ચહેરા પરનું તેજ ઘટી ગયું તેનો ચહેરો ફીક્કો પડી ગયો.બસમાંથી ઉતરતા કંકુએ કહ્યું, 'દેવાભાઈ, આ વાત પેટમાં રાખજો.'

'હા, ભાભી આ બાબત તમે કોઈ ચિંતા કરતા નહિ.' દેવાએ કહ્યું.

બસમાંથી ઉતરી દેવાએ ઘરમાં પ્રવેશ કર્યો કે તુરત સોનબા ઉભા થઈ ગયા ને બોલી ઊઠયાં 'અરે દેવા, આમ અચાનક?' બોલતાં બોલતાં સોનબાની આંખો માંથી હર્ષના આંસુ સરી પડ્યા.

'હા, બા ઘણા સમયથી તમને જોયેલા નહિ એટલે ઘર સાંભરી આવ્યું.'

(ક્રમશઃ)




TMT BARS - ISI
BENELAVE
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ